R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

MARCH - 2018

Vol No. 61 Issue No.12

Total - 36 Pages

## આપણા આદર્શ – હનુમાનજી

એક મહાત્માની રામકથા ચાલતી હતી. તેમાં એક શ્રોતાએ પ્રશ્ન કર્યો કે હિંદુ શબ્દની સાચી વ્યાખ્યા શું ?

મહાત્માએ કહ્યુ કે જે હનુમાનજીને માન તે હિંદુ. જ્યાં જ્યાં હિંદુઓ રહેતા હશે ત્યાં ત્યાં હનુમાનજીની મૂર્તિ અવશ્ય હશે. શક્તિ અને ભક્તિના આદર્શ હનુમાનજી છે. ભક્તિશૂન્ય શક્તિમાંથી વિનાશ જન્મે છે અને શક્તિશૂન્ય ભક્તિમાંથી નાદાનિયત નિપજે છે.

જેમને જ્ઞાનિનામગ્રગણ્ય અને બુદ્ધિમતાં વિરષ્ઠં કહીને વર્ણવ્યા છે. એવા હનુમાનજી સાક્ષાત્ નમ્રતાની મૂર્તિ છે. ભગવાન શ્રીરામ, લક્ષ્મણજી, ભરતજી, સીતાજી અને સુગ્રીમ જેવાની તેમણે રક્ષા કરી છે છતાં વિનમ્રતા છોડી નથી.

બાળપણમાં હનુમાનજીએ ઊગતા સૂર્યને ફળ જાણી પકડી લીધો અને ગળી ગયા. દેવોએ તેમને વિનંતી કરી કે સૂર્યને મુક્ત કરો. સમગ્ર વિશ્વ અંધકારમાં લય થયું છે. હનુમાનજીએ તરત સૂર્યને મુખદ્વારા મુક્ત કર્યો. હનુમાનજીના મુખદ્વારા નીકળેલા સૂર્યદેવ જ્ઞાનના ભંડાર અને મંગળકારી દેવ બન્યા.

હનુમાજીએ રાવણની લંકાને બાળી હતી. તેમણે રાવણના અન્યાયનો પ્રતિકાર કર્યો છે પણ લંકાને બાળીને શુધ્ધ કરી છે. સોનાની લંકાનો મેલ બળી ગયો અને શુધ્ધ સુવર્ણ રહ્યું.

બીજા એક શ્રોતાએ મહાત્માને પ્રશ્ન કર્યો કે હનુમાનજીએ રામને ઋણમાં રાખ્યા એવું એક ભજન છે તેનું રહસ્ય સમજાવો. મહાત્માએ સુંદર વાત કહી.

જ્યારે શ્રીરામ અયોધ્યામાં આવ્યા ત્યારે ભરતજીને કહ્યું કે મેં બધાનું ઋણ ચૂકવ્યું પણ હનુમાનજીનું ઋણ બાકી છે. ભરતજીએ તે વખતે ગાદી પર બિરાજતાં શ્રીરામ પાદુકાને વંદન કરીને પૂછી જોયું. પછી બોલ્યા કે હે પ્રભો ! હનુમાનજી હાલ આપની જે રીતે ચરણસેવા કરે છે તે રીતે આપ આવતા અવતારે તેની સેવા કરજો. વાયુપુત્ર હનુમાનને આપની મુરલી બનાવી, હોઠ ઉપર સુવડાવી, આપ ધીરે ધીરે તેનાં ચરણ દબાવશો ત્યારે તેના મધુર નાદથી આકર્ષાઈ આપની રાસમંડળીમાં શ્રીરાધિકાજી પધારશે.

પછી કથા સમાપ્ત કરતાં મહાત્મા બોલ્યા કે હે સજ્જનો ! હનુમાનજીનો ઉત્તમ આદર્શ છે જ્ઞાન, શક્તિ અને ભક્તિ. આ ત્રણેયનો સમન્વય કરીને તમારું જીવન ધન્ય બનાવી શકશો. પરમાત્માની ભક્તિ દરેક કાર્યમાં, દરેક સમયે અને દરેક વ્યક્તિથી થઈ શકશે. દરેક કાર્ય કરતાં પરમાત્મા હાજર છે એવો ખ્યાલ રાખશો તો તમારો વ્યવહાર ભક્તિમય બની જશે. ભગવાનનું સતત સ્મરણ કરીને જો તમે શબ્દ બોલશો તો તે શબ્દ ભગવાનની વાણી બની જશે. ભક્તિ કલાક બે કલાક કરવાની વસ્તુ નથી; તે તો સતત રટણ અને સતત સ્મરણ કરવાની ભગવદ્ ભાવના છે. -સંકલન

**જ્યોતિપુંજ ચિત્રકામ હરિફાઈ**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા
## બાલાસિનોર ખાતે આયોજીત
# ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટની તસ્વીરી ઝલક



ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટની વધુ વિગત આવતા અંકે



# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૧ | ૧૨ | ૨૧-૦૩-૨૦૧૮ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ
પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**


## તંત્રી સ્થાનેથી

# જ્યોત + ઈશ = જ્યોતિષ

# ઈશ્વરની જ્યોત, ઈશ્વરનો પ્રકાશ

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

જન્મ સમયે ઈશ્વરે મૂકેલા ગ્રહો પર પ્રકાશ પાડી ઉકેલ શોધવામાં આવે, ઉપાય શોધવામાં આવે તેનું નામ જ્યોતિષ.

કોઈ જ્યોતિષ કોઈનું ભવિષ્ય બદલી શકતો નથી. કોઈનું મૃત્યુ રોકી શકતો નથી. મૃત્યુ લાવી શકતો નથી. જ્યોતિષનું કાર્ય તેની પાસે આવનાર વ્યક્તિના જીવન પથ પર પ્રકાશ પાડી માર્ગદર્શન બનવું. બ્રાહ્મણને શાસકોએ આ અધિકાર આપ્યો છે. બ્રાહ્મણને કોઈપણ કાર્ય સોંપીએ ત્યારે સંકલ્પ કરાવવો જોઈએ, ત્યાર બાદ આ જવાબદારી બ્રાહ્મણની છે. પછીના ફળ તે ભોગવે છે. યજમાને કૃષ્ણ અર્પણ કર્યું છે. કોમ્પ્યુટર પણ ભૂલ કરે છે.

સૂર્યાદી દરેક ગ્રહ આપણા જીવન પર અસર કરે છે. આપણે દસકો કરીએ છીએ. ક્યારેક રાજા, ક્યારેક રંક, ક્યારેક સફળતા તો ક્યારેક નિષ્ફળતા.

આપણી કુંડળીમાં શું હોય છે જેથી આપણે ઘણુબુધું સહન કરવું પડે છે. માણસ જ્યારે નાસીપાસ થાય ત્યારે જ્યોતિષ પાસે જાય છે. તે નંગ વિશે કહે, વિધિ કરવાનું કહે. આપણે જાણતાં નથી કે કયા નંગ સાચા છે કે ખોટા. તેની અસરો વિશે જાણતા નથી. તે વિશ મનમાં શંકા રહે છે. જ્યોતિષ સંસ્થાના આચાર્ય સમજાવે છે કે દરેક ઘરમાં એક જ્યોતિષ હોય તો મુસીબતો આપોઆપ ઓછી થઈ જાય. વાદ-વિવાદ,


સ્વ. રમતીબેન ઓચ્છવલાલ ધારીઆ (લાલખા) ના જે જે શ્રી ગોકુલેશ

કજીયા-કંકાસ, ટંટો-ફિસાદ, ઝઘડાના નામો નિશાન ઘર-પરિવારમાંથી તિલાંજલી લઈ લે. ગ્રહ દશા પ્રમાણે સમયે સમયે વિઘ્નો આવે છે. રોજબરોજ આવતી આવી તકલીફો વિષે આપણે જાણતાં હોઈએ તો તે દરમ્યાન ધર્મધ્યાન કરી શકાય. પુત્ર-પુત્રીના લગ્ન, વિદેશના યોગ છે કે નહીં તે વિષે માર્ગદર્શન આપી શકાય. આ એવું નથી કે રોગ થયો ને દવા લીધી એટલે મટી ગયું. પરંતુ ઘરમાં એકાદ વ્યક્તિ પણ જાણકાર હોય તો તે વિશેના રસ્તા સમજાવશે. સૂળી નો ઘા સોયથી ટળી જશે. શા માટે જ્યોતિષ શાસ્ત્ર ભણવું જોઈએ? શિખવું જોઈએ? જ્યોતિષ શાસ્ત્રએ આપણાં જ પ્રાચીન ઋષિમુનિઓએ રચેલી વિદ્યા છે. યોગ, ધર્મધ્યાન દ્વારા સુક્ષ્મ શરીરે બ્રહ્માંડમાં ગતિ કરી. સૂર્યમાળાના ગ્રહો ને જાણ્યા, અભ્યાસ કર્યો, અવલોકન કર્યું, તેમના ચોક્કસ સ્થાન, ગતિ, આકાર વગેરે વિશે જ્ઞાન પ્રાપ્ત કર્યું અને જ્યોતિષ શાસ્ત્રનું નિર્માણ થયું. વર્ષો પછી જ્યારે વૈજ્ઞાનિકોએ સંશોધન કર્યું, પ્રયોગો દ્વારા સાબિતી આપી ત્યારે આપણા ઋષિમુનીઓએ નિષ્કર્ષ કરેલી સર્વ વિગતો, રચેલા શાસ્ત્રો સાચા ઠર્યા. આ આપણી જ પ્રાચની વિદ્યા છે જેને આપણે અપનાવવાની છે. શિખવાની છે.

આચાર્યએ સમજાવ્યું ધારો કે બે વ્યક્તિને તમે મુંબઈ થી કલકત્તા મોકલો છો. એક વ્યક્તિને તમે નકશો (MAP) આપો છો. જેમાં બધી વિગતોનો સમાવેશ છે. ચોક્કસ જગ્યાએ પહોંચવામાં રસ્તાઓ ક્યાં સપાટ, ખાડા-ટેકરાવાળા છે, ખાવાની હોટલો, રાત્રિ રોકાણ

# શરમનો દુકાળ

**– શૈલેષ દેસાઈ**

મનુષ્ય સિવાયનું બીજુ કોઈ પ્રાણી શરમ અનુભવતું નથી. ઉત્ક્રાંતિના દાદરની ટોચ પેદા થયા પછી આદમીયાં પણ કદાચ શરમની લાગણી પ્રગટ થઈ હોય એવું લાખો વર્ષો બાદ બન્યું હશે. શરમની લાગણી થવી એ તો મનુષ્યને પ્રાપ્ત થયેલું અત્યંત નાજુક વરદાન છે. લજામણીનો છોડે સ્પર્શની પ્રતિક્રિયા આપે તેને લજવાઈ જવા સાથે કોઈ સંબંધ નહી હોય. સ્પર્શના કારણે એ છોડ સંકોચાઈ જાય છે. હિંદીમાં એ છોડને છુઈમુઈ કહે છે. સંકોચ સાથે શરમને જોડીને માણસે પોતાની લાગણી કવિતાપૂર્વક લજામણીના છોડ પર ઢાલની દીયેલ જણાય છે. મનુષ્યનું મહામુલ્ય ઘરેણું સ્ત્રીની લજ્જા છે. કાલિદાસ શકુન્તલ બીજી જગ્યાએ શકુન્તલા લજ્જાનો અભિનય કરે છે. લજ્જાને સ્ત્રીનું ભૂષણ ગણાયું છે. રૂપાળી સ્ત્રી પણ જો શરમીલી ન હોય તો થોડી કદરૂપી બની રહે છે. શરમને કારણે મોં પર લોહી તરી આવવાથી જે લિસોટા પડે તેને શરમના શેરડા કહેવાય છે. સ્ત્રીની લજ્જા સાથે આપોઆપ શૃંગાર જોડાઈ જાય છે. શૃંગાર એટલે શણગાર. લજ્જા એ સ્ત્રીનો શણગાર છે.

એરિસ્ટોટલની વિદ્યવાન પુત્રીનું નામ પીથિવા હતું. એકવાર કોઈએ પુસ્તકમાં એકવાર પુછયું ગાલ સુંદર દેખાય તે ત્યારે સ્ત્રીઓ કયો રંગ લગાડે છે ? ત્યારે પીથિવાએ કહ્યું ‘લજ્જા’

પુરૂષોનો ઈતિહાસ જરા જુદો છે. સમાજમાં ટકી રહેલી બે આંખની શરમ માણસાઈની આધારશિલા છે. જેને લોકો ધર્મ કહે છે. તેનું કાળજુ બે આંખની શરમમાં

રહેલું છે. જે શરમ છટી જાય ને બચે તે અધર્મ કહેવાય. રાવણે બે આંખની શરમ ગુમાવી એ રામ લક્ષ્મણની ગેરહાજરીમાં સીતાનું હરણ કર્યું. દ્રોપદીનું વસ્ત્રહરણ થઈ રહ્યું હતું ત્યારે સમગ્ર રાજસભામાંથી શરમની બાદબાકી થઈ ગઈ હતી. આજકાલ રાજકારણીઓના ભ્રષ્ટાચારની બહુ વાતો થાય છે. એમને ભ્રષ્ટાતા પણ બે આંખની શરમ જળવાઈ જાય ત્યાં સુધી સહન (ઝીરવાઈ) ત્યાં સુધી બની જાય છે. લાગે છે કે આજે શરમનો દુકાળ પડયો છે. બે આંખની શરમ મર્યાદાનો સંબંધ વિવેક સાથે છે. આંખની શરમ એટલે મર્યાદાની માવજત. જગત આખુ મર્યાદા પર નભેલું છે. ગ્રહો, ઉપગ્રહો અને તારાઓ પોતાની ભ્રમણ કક્ષામાં ફરતાં આને છોડીને આમ તેમ અટવાતા નથી. સમુદ્ર મર્યાદાને તોડીને પાળીને તોડી કદાચ સદીઓથી મર્યાદામાં જ રહે છે. કર્ણવ ઋષિના આશ્રમમાં પ્રવેશેલા પ્રેમતીર્થ છે. આવી આંખ ઘણુખરુ માતાની હોય છે. કેટલીક માતાઓ સાસુ જેવી હોય છે. કેટલીક સાસુઓ માતાઓ જેવી હોય છે. જે વહુ માતૃ સ્વરૂપા સાસુને ન જાળવે તે બે આંખની શરમને નેવે મુકતી હોય છે. પરિવારના પાયામાં મર્યાદા રહેલી છે. કેટલાય સમજુ સસરાઓ પુત્રવધૂના પિતા બનીને વર્તે છે. કુટુંબ ટકી રહે તેમાં સમજુ સાસુઓ અને સમજુ સસરાઓનો ફાળો જેવો તેવો નથી. પરિવારમાં બે આંખની શરમ ખૂટી પડે ત્યારે જ દેહેત મૃત્યુ શક્ય બને છે. બધી મર્યાદા ખતમ થાય ત્યારે યુધ્ધ શક્ય બને છે. શરમ ખુટી જાય ત્યારે બળાત્કાર, ખૂન શક્ય બને છે. આ બધી દુર્ઘટનાઓ દ્વારા માણસની બે શરમી પ્રગટ થતી હોય છે. બે શરમી એટલે મર્યાદા લોપ.

દુનિયામાં શરમનો જે જથ્થો બન્યો છે. તેનો બહુ મોટો ભાગ સ્ત્રીઓએ જાળવેલો છે. યુધ્ધ એ પુરુષ ઘટના છે. બળાત્કાર એ પણ પુરુષ ઘટના છે. કેટલીકવાર સ્ત્રીઓ પણ બેશરમ બને તેવી હરકતો તેમનામાં જોવા મળે છે. શકુંન્તલાની 'શૃંગાર લજ્જા' દુષ્યન્તને આકર્ષે છે. સ્ત્રીને બધુ ગુમાવવાનું પાલવે પણ લજ્જા ગુમાવવું ન પાલવે. સ્ત્રીની શોભા મંગળસૂત્રથી વધે તેના કરતાં શરમના શેરડાથી અધિક વધે છે. કોઈ અકથ્ય કારણોસર અને અનાયસે જે સેતુ રચાય છે તે ન તૂટે તેની જવાબદારી ધર્મગુરુઓ પર નાખી દેવામાં આવે છે. કુદરતે જ્યારે પ્રગટ થવાનું કે કશુંક પ્રગટ કરવાનું મન થાય ત્યારે એ પ્રથમ તો આંખની મદદ લેતુ હોય છે. જ્યારે નિષ્ફળ જાય ત્યારે જીભની મદદ માંગે છે. એવું બને ત્યારે પ્રેમધર્મ પ્રગટ થાય છે. સન ૧૮૫૨માં ફ્રાન્સિસ બોડિલોને એક સુંદર વિધાન કરેલું. મનને એક હજાર આંખો છે અને હૃદયને એ જ આંખ હોય છે.

આજકાલ બજારમાં પૈસા હોવા છતા હાથ ઊંચા કરી દે છે એ એજ કે આજકાલ શરમનો દુકાળ છે.

✤ ✤ ✤ ✤ ✤



શ્રી નીતીન રસીકલાલ ગાંધી (લોઢાવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

# કર્મનો અટલ સિધ્ધાંત

**ભાવિક ભદ્રેશ મોદી (બાલી)**

દુનિયામાં દરેક ડીપાર્ટમેન્ટને ચલાવવા અને નિયંત્રણમાં રાખવાના કાયદા ઘડાયેલા હોય છે. પોલિસ ખાતા માટે પોલિસ મેન્યુઅલ હોય છે. P.W.D. માટે તેનું મેન્યુઅલ હોય છે. ન્યાય માટે I.P.C. હોય છે. રેવન્યુ માટે Land & Revenue Code અને રૂલ્સ હોય છે.

તેવી જ રીતે આખી સૃષ્ટીના અને અનેક બ્રહ્માંડોના સંચાલન માટે પણ જેમકે સૂર્ય નિયમિત ઊગે અને પૃથ્વી, તારા નક્ષત્રો નિયમિત ગતિ કરે. વરસાદ ચોમાસામા નિયમિત વરસે. જગતની ઉત્પતિ, સ્થિતિ અને લય વ્યવસ્થિત રીતે થાય વગેરે સંચાલન માટે પણ અને તે સુવ્યવસ્થિત ચાલે તેને માટેનો પણ કાયદો છે અને તે છે ।। કર્મના કાયદા ।।

**કર્મ પ્રધાન વિશ્વ હરિ રાખા**
**જો જસ કરઈ સો-તસ ફલ ચાખા**

આ આખુ વિશ્વ કર્મના કાયદાના આધારે બરાબર વ્યવસ્થિત રીતે ચાલે છે. અને એમાં જરા પણ ગડબડ નથી.

આ કર્મના કાયદાની એક ખાસ ખૂબી છે. દુનિયાના તમામ કાયદાઓમાં કાંઈ ને કાંઈ અપવાદ (Exception to the Rule Provision) વગેરે હોય છે પરંતુ કર્મના કાયદામાં કોઈપણ ઠેકાણે જરાપણ અપવાદ કે બાંધછોડ નથી.

ખુદ ભગવાન રામના બાપા થતા હોય તો પણ રાજા દશરથને કર્મના નિયમ પ્રમાણે પુત્રના વિરહથી મૃત્યુને ભેટવું પડયું તેમાં ખુદ ભગવાન રામ પણ એમ ના કહી શકે કે રાજા દશરથ મારા બાપ થતા હોવાથી કાયદામાં થોડી બાંધછોડ કરીને અપવાદરૂપે હું તમને ૧૪ વરસનું Extension આપીશ.

નિર્ગુણ, નિરાકાર, શુધ્ધ, બ્રહ્મ પણ જ્યારે સગુણ સાકાર બનીને દેહ ધારણ કરીને પૃથ્વી ઉપર પધારે છે. ત્યારે તેમને પણ આ કર્મના કાયદાનું ચુસ્ત રીતે પાલન કરવું પડે છે. કર્મના કાયદામાં ક્યાંય દેર પણ નથી અને અંધેર પણ નથી. જરાપણ બાંધછોડ કે લાગવગશાહી નથી. કોઈ અપવાદ નથી. એ આ કાયદાની ખાસ ખૂબી છે.

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**
**શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત**

# મહિલા વિભાગ

આ વર્ષે (૨૦૧૮-૨૦૧૯)ના વાર્ષિક લવાજમ ભરવાની તારીખ ૧૦ એપ્રીલ ૨૦૧૮ મંગળનારના રોજ શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફિસ) ખાતે બપોર ૨.૩૦ થી ૪.૩૦ના સમયે કરવામાં આવી છે.

તે અંગે અગત્યની સૂચના

૧) લવાજમ રકમ રૂા. ૨૦૦/-

૨) સર્વે મેમ્બરો તેમનો પાસપોર્ટ સાઈઝ ફોટો અને તેની પાછળ તેમનું સંપૂર્ણ નામ તથા મોબાઈલ નંબર લખવું જરૂરી છે.

## ૨૦૧૮ નો પ્રથમ પ્રોગ્રામ

પ્રથમ પ્રોગ્રામ અંતાક્ષરી નો ૨૧મી એપ્રિલ શનિવારના રોજ બપોરે ૨.૩૦ કલાકે હીન્દી વિદ્યા ભવન, મરીન લાઈન્સ ખાતે યોજાશે.

તે માટેના પાસ સંસ્થાની ઓફિસે બપોરે ૩ થી ૪ માં આપવામાં આવશે. તા. ૧૦ એપ્રિલ ૨૦૧૮

પાસ ના દર રૂા. ૧૦૦/- લેખે રહેશે.

જે બહેનો આ સ્પર્ધામાં ભાગ લેશે તેમને રૂા. ૧૫૦/- આપવાના રહેશે.

ભાગ લેનાર બહેનોએ તેમનું ૧૦નું ગ્રુપ બનાવાનું રહેશે. જો ગ્રુપ ના બને તો ઈચ્છુક બહેનો એ તેમનું નામ કોઈપણ કમિટિ મેમ્બરને લખાવું.

**- મંત્રી - ભાવેશ મોદી**

**સંયોજક - અલ્પા કડકીઆ - ૯૮૧૯૬૨૯૦૬૨**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## આંતરિક રમત-ગમત ૨૦૧૭-૨૦૧૮
# શ્રી દક્ષેશભાઈ, શ્રી મીનીષભાઈ કડકીયા (કડકીયા એન્ટરપ્રાઈઝ) તથા શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પુરુસ્કૃત
## આંતરીક રમત-ગમત શહેર વિભાગના પરિણામો - ચેસ-કેરમ

**(I) કેરમ - સીંગલ - Ladies**

૧) શેફાલી મનીષ કડકીયા
૨) પ્રતીક્ષા રીપલ ગાંધી
૩) સેજલ વીરલ ગાંધી

**(II) કેરમ - ડબલ્સ - Gents**

૧) દેવાંગ વ્યોમેશ પરીખ
૨) હેમલ કંચનલાલ મોદી
૩) જીગ્નેશ કાંતીલાલ કડકીયા

**(III) કેરમ - ડબલ્સ - Ladies**

૧) શેફાસી મનીષ કડકીયા - ક્રીષા પ્રશાંત પરીખ
૨) સેજલ વીરલ ગાંધી - પ્રતીક્ષા રીપલ ગાંધી

**(IV) કેરમ - ડબલ્સ - Gents**

૧) જીગ્નેશ કાંતીલાલ કડકીયા - સચીન રમેશચંદ્ર કડકીયા
૨) મુકેશ રમણલાલ પરીખ - જય વ્યોમેશ પરીખ
૩) જીમીષ કૌશિક કડકીયા - જતીન પ્રવીણચંદ્ર કડકીયા

**(IV) કેરમ - ડબલ્સ - Ladies - Gents mix**

૧) સેજલ વીરલ ગાંધી - સચીન રમેશચંદ્ર પરીખ
૨) પ્રતીક્ષા રીપલ ગાંધી - દેવાંગ વ્યોમેશ પરીખ
૩) શેફાલી મનીષ કડકીયા - જીગ્નેશ કાંતીલાલ કડકીયા

**(V) ચેસ - જુનિયર**

૧) માસ્ટર નીશ વીરલ પરીખ
૨) માસ્ટર યુગ નીકેશ ગાંધી

**(VI) ચેસ - સીનીયર - Ladies**

૧) શેફાલી મનીષ કડકીયા
૨) નીયતી નીમિષ પરીખ
૩) નીશા નીમિષ પરીખ

**(VII) ચેસ - સીનીયર - Gents**

૧) આકાશ સમીર ધારીયા
૨) કવીષ નીહાર કડકીયા

**નોંધ :** ઈનામ વિતરણની તારીખ પાછળથી જણાવવામાં આવશે.

**મંત્રી - શ્રી ભાવેશ મોદી** **સંયોજક - શ્રી પ્રશાંત પરીખ**

### જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતું હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે અલ્પેશ ધારીઆ - Bharat Asbestos & Rubber Co., ૧૩૭, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ગ્રાઉન્ડ ફ્લોર, મુંબઈ - ૪૦૦૦૦૩, મોબાઈલ નંબર - ૯૮૨૧૧૧૦૭૪૭/૯૮૩૩૮૬૭૬૦૧. Email : aydharia@gmail.com ને મોકવાનું રહેશે. આ સિવાય કોઈપણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહી.

**મંત્રી - ભાવેશ મોદી** **સંયોજક - અલ્પેશ ધારીઆ**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# સંસ્થા સમાચાર

**- મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૮મી બેઠક તા. ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૮, મંગળવારના રોજ શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાલા) મીટીંગ હોલ પ્રગતી સમાજની ઓફિસ ખાતે મળી.

પ્રમુખ શ્રી સૌમીલ મોદીની અનઉપસ્થિતિમાં ઉપપ્રમુખ શ્રી સમીર ગાંધીના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના મંત્રી શ્રી ભાવેશ મોદીએ ગત મીટીંગનો અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીજી મેડીકલેમના સંયોજક શ્રી તેજસ શાહએ તેમનો અહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

ઉપપ્રમુખશ્રી સમીર ગાંધીએ સુચન કર્યું હતું કે આ વર્ષે આપણે ચલો બાલાસિનોરનું આયોજન કરીએ તે સહુએ આવકારી લીધી હતું. આ યોજના માટે સંયોજક તરીકે શ્રી સુનીલ મોદી તથા કૉ.ઑરડીનેટર તરીકે શ્રી જીગર કડકીઆના નામનું સુચન કર્યું હતું. તે સ્વીકારી લેવામાં આવ્યું હતું.

શ્રીમતી મનોરમાબેન હસમુખલાલ ધારીઆ પુરસ્કૃત ક્રિકેટ એકટીવીટીના સંયોજક શ્રી સંજીવ ધારીયા ઉપસ્થિત ન હોવાથી શ્રી કીંજલ પરીખ એ અહેવાલ રજુ કર્યો હતો અને જણાવ્યું હતું કે BPL T-20 ની ફાઈનલ તા. ૧૮-૩-૨૦૧૮ રવિવારના રોજ સાંજે ડે એન્ડ નાઈન્ટ મેચ રમાશે અને તે દિવસે સુવર્ણ જયંતિ નિમિત્તે બનાવેલ સોવીનીયરનું વિમોચન થશે. સહુ ને હાજરી આપવા વિનંતી કરી હતી.

ગીરીપૂજા કોકીલાબેન પ્રવીણચંદ્ર પુનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) જનતા ફી સહાય યોજના ના સંયોજક શ્રી સમીર ગાંધીએ તેમનો હિસાબ રજુ કર્યો હતો. તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તથા શ્રી દક્ષેશભાઈ/શ્રી મીનીષભાઈ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝીસ) આંતરીક રમત ગમતના સંયોજક ઉપસ્થિત ન હોવાથી શ્રી ઉર્મિલ કડકીઆએ જણાવ્યું હતું કે આ વર્ષે ઉપનગર ખાતે ટુર્નામેન્ટ તા. ૧૧-૩-૨૦૧૮, રવિવારના રોજ શ્રી શ્રેયાંસભાઈ તથા શ્રી અપૂર્વભાઈના નિવાસ સ્થાને કાંદીવલી ખાતે યોજાશે. સહુને હાજર રહેવા વિંનતી કરી હતી.

શ્રી અમરીશભાઈ / શ્રી મનોજભાઈ કન્સેશનલ રેટ નોટબુક યોજના તથા શ્રી રસીકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) નોટબુક રાહત યોજનાના સંયોજક શ્રી સંજય શાહ એ આવેલ ઓફરની ચર્ચા કરી હતી અને તેમને સુચન કરવામાં આવ્યું હતું તે સર્વે સાથે ચર્ચા કરી અને હોદ્દેદારો ને જણાવેલ.


શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાલા) પુરસ્કૃત ઉપનગર વિભાગના સંયોજક શ્રી ઉર્મિલ કડકીઆએ જણાવ્યું હતું કે બીજો પ્રોગ્રામ 'નવુ નાટક' તા. ૪.૩.૨૦૧૮ના રોજ પ્રબોધનકર ઠાકરે હૉલ (બોરીવલી) ખાતે યોજાશે.

કુલ ૫ લીવની અરજીઓ આવી હતી. શ્રી સંજીવ ધારીઆ, શ્રી દર્શન પરીખ, શ્રી સૌમિલ મોદી, શ્રી કલ્પેશ ધારીઆ, શ્રી અલ્પેશ ધારીઆ


કુલ ૧૧ લાઈફ મેમ્બરશીપની અરજીઓ આવી હતી તેમના નામ નીચે મુજબ છે.

જીયા ઉર્મિલ કડકીઆ, નીયતી નીમીષ પરીખ, પ્રતીક પરેશ દેસાઈ, ભાવસાર જયંતીલાલ ભટ્ટ, પ્રકાશ બાબુલાલ પરીખ, વર્ષા મહેશ લાખાણી, પરેશ મંગલદાસ ધારીઆ, નલીની અનીલ દેસાઈ, મીલન અનીલ દેસાઈ, હરી ધર્મેશ શાહ, ગાંધી વિકી નીમીષ (પાકા). તે સર્વ પસાર કરવામાં આવી હતી. ઉપપ્રમુખ શ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.


શ્રીમતી નયનાબેન પંકજકુમાર મોદી ના જે જે શ્રી ગોકુલેશ



# જ્યોતિપુંજ ચિત્રકામ હરિફાઈ



**જ્યોતિપુંજ સહર્ષ યોજે છે ચિત્રકામ હરિફાઈ.**

આ હરિફાઈ બે ગ્રુપમાં રાખી છે. હરિફાઈ માટેના વિષયો, નિયમો નીચે મુજબ છે.

**૧) ગ્રુપ નં. - ૧ (ઉંમર વર્ષ ૪ થી ૮)**

વિષય : આ ગ્રુપના બાળકોએ જ્યોતિપુંજ માર્ચ ૨૦૧૮ના પાના નં. ૧૯ પર દોરેલા દિવાળીના ચિત્રમાં મનગમતાં રંગ પુરવા.

**૨) ગ્રુપ નં. - ૨ (ઉંમર વર્ષ ૯ થી ૧૨ વર્ષ)**

સ્ટાન્ડર્ડ સાઈઝના ડ્રોઈંગ (૩-૪) પેપર પર નીચેના માંથી કોઈપણ એક વિષય પર ચિત્ર દોરવું.

**વિષય :** (૧) નવરાત્રી (૨) મહાબલી હનુમાન (૩) મારું ઘર (૪) ફગવો (૫) પદાર્થ ચિત્ર (ઓબજેક્ટ)માં નીચેની વસ્તુઓ ટેબલ પર દોરો. (ક) પાણીનો ઘડો (ખ) છત્રી (ગ) ટેલિફોન (ઘ) મોટું કપડું (ચ) કાપેલું કલિંગર (ચીર). (૬) 'બાલાસિનોર' અથવા BALASINOR આ અક્ષરોને તમારી રીતે ડિઝાઈનવાળા અક્ષરોમાં દોરો અને મનગમતા રંગ પૂરો.

**નિયમો :**

૧) એક બાળકનું એક જ ચિત્ર સ્વીકારાશે.

૨) ચિત્ર પર કંઈ જ લખવું નહિ. પરંતુ આ સાથે એક સ્વચ્છ સારા કાગળ પર વસ્તીપત્રક ક્રમાંક, બાળકનું આખું નામ, પિતાનું આખું નામ, ખીજ, ઉંમર, ધોરણ (જેની પરીક્ષા આપી હોય તે) સરનામું, ટેલીફોન નંબર લખવા.

૩) વિગત લખેલા કાગળ સાથે ચિત્ર કવરમાં પેક કરી, કવર પર જ્યોતિપુંજ ચિત્રકામ હરિફાઈ લખી પ્રશાંત પરીખની ઓફિસે રૂબરૂ અથવા પોસ્ટ, કુરિયર દ્વારા મોકલવું. એડ્રેસ : એપેક્સ સર્વિસિઝ, ૫૯, નંદભવન, રૂમ નં.-૩૫, બીજે માળે, બાબુગેનુ રોડ, લોહાર ચાલ, મુંબઈ-૨, સમય : બપોરના ૧૧ થી સાંજના૭.


૪) તમારું ચિત્ર તા. ૭-૫-૨૦૧૮ સુધી અમને મળી જવું જોઈએ.

૫) બંને ગ્રુપના પ્રથમ, દ્વિતિય, તૃતિય ઈનામો એનાયત થશે અને નિર્ણાયકોના મત મુજબ કોન્સોલેશન પ્રાઈઝ પણ આપવામાં આવશે.

૬) સંઘના હોદ્દેદારો તથા તંત્રીમંડળના નિર્ણયો બધી બાબતમાં આખરી ગણાશે.


શોભનાબેન મહેન્દ્રકુમાર કડકીયા (બનડા) ના જે જે શ્રી ગોકુલેશ

# મોહે રંગ દે



# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ સ્થાપિત નવનિર્મિત **'કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સપુર સ્પેશ્યાલીટી સેન્ટર'**નું વાસ્તુપૂજન તા. ૨૨-૨-૨૦૧૮ને ગુરૂવારના રોજ સવારે ૧૧ કલાકે સંસ્થાના પ્રમુખ શ્રી વસંતભાઈ શાંતિલાલ પરીખ (કુવાવાળા) તથા તેમના ધર્મપત્નિ શ્રીમતી કોકીલાબેનના વરદ હસ્તે કરવામાં આવેલ.

તેમજ સદર નવનિર્મિત સેન્ટરનું ઉદઘાટન મુખ્ય મહેમાન મુંબઈના જાણીતા ઉદ્યોગપતિ ડૉ. મોહનભાઈ આઈ. પટેલના વરદ હસ્તે તા. ૨૩.૨.૨૦૧૮ને શુક્રવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે કરવામાં આવેલ.

તેમજ ટ્રસ્ટને પ્રોત્સાહિત દાન આપનાર સખાવતી દાતાશ્રીઓનો સન્માન સમારંભ તા. ૨૩.૨.૨૦૧૮ને શુક્રવારના રોજ સંસ્થાના પ્રમુખશ્રી વસંતભાઈ શાંતિલાલ પરીખના અધ્યક્ષસ્થાને યોજવમાં આવેલ.

સંસ્થાના પ્રમુખ શ્રી વસંતભાઈ શાંતિલાલ પરીખે તમામ દાતાશ્રીઓનો અને આમંત્રિતશ્રીઓનો આ સુપર સ્પેશ્યાલીટી સેન્ટરના વિકાસમાં ફાળો આપવા બદલ હૃદયપૂર્વક આભાર માન્યો હતો. વધુમાં સ્થાનિક દાતાઓને પણ ખભેખભા મિલાવીને આ પ્રોજેક્ટમાં સહભાગી થવા વિનંતી કરી હતી. તેમજ આ પ્રસંગે પ્રકાશિત કરવામાં આવેલ ટ્રસ્ટના 'સોવિનિયર અંક'નું વિમોચન પણ સંસ્થાના પ્રમુખ શ્રી વસંતભાઈ શાંતિલાલ પરીખ તથા મુંબઈના જાણીતા ઉદ્યોગપતિ શ્રી ડૉ. મોહનભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવેલ.

સંસ્થાના ઉપપ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ નવનિર્મિત સુપર સ્પેશ્યાલીટી સેન્ટરની સવિસ્તાર માહિતી રજૂ કરી હતી. તેઓએ જણાવેલુ કે ફક્ત બે વર્ષના ટૂંકાગાળામાં બાંધકામ પૂર્ણ થયુ છે. આ સેન્ટરમાં મેડીકલ સર્વિસીસ ચારથી છ મહીનામાં ચાલુ થશે. જેમાં મુખ્યત્વે આઈ.સી.યુ., ડાયાલીસીસ, લેબોરેટરી, ઈમરજન્સી તથા ઓ.પી.ડી. વિભાગો પ્રથમ તબક્કામાં કાર્યરત થશે. એમ.આર.આઈ. તથા સીટી સ્કેન વિભાગો માટે આઉટસોર્સીંગ એજન્સીઝ માટે હાલ વાટાઘાટો ચાલુ છે. ત્રીજો માળ પૂર્ણપણે કાર્યરત થયા બાદ ચોથા માળના વિભાગો ચાલુ કરવાનું આયોજન છે.

વધુમાં તેઓશ્રીએ જણાવેલું કે, આ પ્રોજેક્ટ સફળ બનાવવા માટે સ્થાનિક મંત્રી શ્રી રજનીભાઈ શાહ તથા તેમની કમિટીનો મુખ્ય ફાળો છે. તેમજ આ મીશનને સફળ બનાવવા માટે તેઓશ્રીએ ડૉ. શીશીરભાઈ પી. ગાંધી, શ્રી મહેશભાઈ કડકીઆ (બનડા) તથા શ્રી સૌમીલ ગાંધીનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો. એ મુ.શ્રી. રસિકકાકા (દેવ) તથા શ્રી નવીનકાકા મેનપુરાવાળાની સેવાઓને તેઓશ્રીએ બીરદાવી હતી. તદ્ઉપરાંત જણાવેલ કે, હોસ્પિટલમાં રૂા. ૬૭,૩૫,૦૦૦/- રૂા. ની કુલ રાહતો જરૂરીયાતમંદ દર્દીઓને આપવામાં આવી હતી.

આ પ્રસંગે માનનીય ડૉ. નરેશભાઈ વેદ (એમ.એ.પી.એચ.ડી.) આર્શીવચન આપવા પધારેલ. તેમજ બાલાસિનોર વિસ્તારના માજી ધારાસભ્ય શ્રી માનસિંહજી કે. ચૌહાણ તથા શ્રી રાજેન્દ્રભાઈ પાઠક (માજી ધારાસભ્યશ્રી) પણ ખાસ હાજર રહેલા અને તેઓશ્રીએ પ્રાસંગિક પ્રવચનો આપેલા.

આ પ્રસંગે નીચે મુજબના ૧૬ સખાવતી દાતાશ્રીઓનું સંસ્થાના પ્રમુખ શ્રી વસંતભાઈ પરીખના વરદ હસ્તે મોમેન્ટો તથા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ.

૧. શ્રીમતી શકુંતલાબેન પુનમચંદ કડકીઆ (બેરા)
૨. શ્રી મનોજભાઈ પ્રવીણચંદ્ર કચેરીયા
૩. એક શુભેચ્છક દાતા
૪. શ્રી કુસુમબેન અને નવનીતલાલ કડકીઆ (લટકારી) હસ્તે : શ્રી અતુલ નવનીતલાલ કડકીઆ
૫. શ્રી કીરીટકુમાર ભીખાલાલ કડકીઆ (ફાડીયા)
૬. એક શુભેચ્છક દાતા
૭. શ્રી નવનીતલાલ રમણલાલ કડકીઆ હસ્તે : શ્રી અજીત નવનીતલાલ કડકીઆ
૮. એક સદગૃહસ્થ તરફથી
૯. શ્રી અરમાન દિપેન પરીખ હસ્તે : શ્રી વસંત શાંતિલાલ પરીખ
૧૦. શ્રી ચિરાગ નિલેષ દેસાઈ (ઓસ્ટ્રેલીયા)
૧૧. શ્રી ઉમેશ કંચનલાલ દોશી
૧૨. શ્રી દીપક કાંતિલાલ દોશી
૧૩. શ્રી દર્શનાબેન રસિકલાલ કડકીઆ
૧૪. શ્રીમતી પ્રીતિ કિરણ શાહ
૧૫. ગં.સ્વ. નિર્મળાબેન ગજાનંદ પાઠક
૧૬. શ્રી શશીકાંતભાઈ મોહનલાલ ધારીઆ (કુણીવાલા)

હોસ્પિટલનો સવિસ્તાર અહેવાલ તેમજ નિવનિર્મિત સુપર સ્પેશ્યાલીટી સેન્ટરના બાંધકામ અંગેનો અહેવાલ સંસ્થાના સ્થાનિક મંત્રીશ્રી રજનીભાઈ ઓચ્છવલાલ શાહે આપેલ.

આપણી આ હોસ્પિટલની પાયાની સ્થાપનાથી માંડીને આજદીન સુધીની પ્રગતિનો અહેવાલ, વહિવટ તથા સંચાલન, સચોટ માહિતી તેમજ હોસ્પિટલનો તથા નવનિર્મિત થયેલ સુપર સ્પેશ્યાલિટી સેન્ટરનો આર્થિક ચિતાર આપણી સંસ્થાના અગ્રણી ટ્રસ્ટી અને પાયાના સંનિષ્ઠ તેમજ સક્રિય કાર્યકર મુરબ્બીશ્રી રસિકલાલ સાંકરલાલ મોદી (દેવ) એ આપેલ. તેઓશ્રી સને ૧૯૭૪થી આ સંસ્થા સાથે સક્રિય અને પોતીકી રીતે સંકળાયેલા છે. આપણા તાલુકાના તેમજ આજુબાજુના તાલુકાઓના જે ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓ હાલ લાભ લઈ રહ્યા છે તે લાભ હજુ વધુ ને વધુ લઈ શકે તે માટે સમારંભમાં ઉપસ્થિત તમામ આમંત્રિતો તથા બાલાસિનોરના નગરજનોને ઉદાર હાથે દાન આપવા માટે જાહેર વિનંતી કરેલ. જેથી બાલાસિનોર નગરની તેમજ તાલુકાની તથા આજુબાજુના ચાલીસેક કિલોમીટરના વિસ્તારની ગરીબ અને મધ્યવર્ગની જાહેર જનતા વધુને વધુ લાભ લઈ શકે. માનવતાવાદી ઉમદા વિચારો ધરાવતા મુરબ્બીશ્રી રસિકકાકા (દેવ)ના સૂચનોને આવકારીને શ્રી નિખિલભાઈ (લાઈ) એ તેમની પોતાની આગવી શૈલીમાં ઉપસ્થિત સર્વે

આમંત્રિતોને દાનની ગંગા વહેવડાવવા માટે જાહેર અપીલ કરેલ. વધુમાં મુખ્ય મહેમાન ડૉ. મોહનભાઈ આઈ. પટેલએ પણ પ્રાસંગિક પ્રવચન આપેલ. તેઓશ્રીએ પોતે આ સંસ્થામાં રૂા. પાંચ લાખના દાનનો ચેક આપેલ અને હાજર દાતાશ્રીઓ તેમજ નગરવાસીઓને આ સંસ્થામાં વધુ દાન આપવા તેઓશ્રીએ સર્વેને અપીલ કરેલ. સમારંભમાં ડૉ. શિશિરભાઈ પી. ગાંધીએ પ્રાસંગિક પ્રવચન કરેલ અને જણાવેલું કે, નવનિર્મિત સેન્ટરમાં હોસ્પિટલને શરૂઆતના તબક્કે સક્રિય કરવા માટે જરૂરી મશીનો, ઈન્સ્ટુમેન્ટો વિગેતે સંસ્થાને બને તેટલો વધુ ફાયદો થાય તેમ તે નેગોશીયેશન કરીને વસાવવા. તેમજ બને તેટલી વહેલી તકે સદર કામ પૂર્ણ થવાની હૈયાધારણા આપેલ.

માનનીય ડૉ. નરેશભાઈ વેદે પ્રાસંગિક પ્રવચન કરેલ, તેઓશ્રીએ જણાવેલું કે, આ હોસ્પિટલ મહીસાગર જીલ્લાની જાહેર જનતા માટે ઘણી જ આર્શીવાદરૂપ છે અને આ સમારંભમાં ઉપસ્થિત તમામ નગજરનોને આ સંસ્થામાં અવિરત દાનનો પ્રવાહ ચાલુ રાખીને ગરીબ દર્દીઓની વધુ ને વધુ સેવા કરી માનવતાના આ માયાળુ કૃત્યને વધુ વેગવાન બનાવવા માટે હૃદયપૂર્વક આહવાન કરેલ અને જણાવેલુ કે, હોસ્પિટલ માટે કરવામાં આવેલ થોડુઘણું દાન પણ આધ્યાત્મિક ભાવનાનું દાન છે. જે હાલ ઘણું જરૂરી છે. વધુમાં જણાવેલ કે બાલાસિનોર વાસીઓ, દશાનિમા વણિક જ્ઞાતિના બંધુઓ, વડીલો માદરે વતન માટે શકય તેટલું બધુ કરવા તત્પર રહેતા હોય છે. બાલાસિનોર નગરમાં આરોગ્ય વિષયક ક્ષેત્ર સિવાય શિક્ષણ ક્ષેત્રે પણ પ્રગતિ જોવા મળે છે. આજ માનવતાનું જવલંત ઉદાહરણ ગણી શકાય.

સંસ્થાના કારોબારી મંત્રીશ્રી નિતિનભાઈ પરીખ તથા શ્રી પરેશભાઈ પરીખ (દુધવાળા) તથા ખજાનચી શ્રી રાજુલભાઈ પરીખ ખાસ આ સમારંભમાં મુંબઈથી અત્રે હાજર રહેલા.

સમારંભની આભારવિધિ કારોબારી મંત્રીશ્રી નિતિનભાઈ પરીખે કરી હતી.

આ પ્રસંગે સંસ્થાના ઉપપ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ નવનિર્મિત સેન્ટરના હજુ બાકી રહેલ વિવિધ વિભાગોના નામકરણ માટે નીચે મુજબની સ્કીમો માટે દાતાશ્રીઓ આવકાર્ય છે તેમ જાહેર કરેલ અને દાતાશ્રીઓને ઉદાર હાથ દાન આપવા વિનંતી કરેલ.

## વિવિધ વિભાગોના નામકરણ માટે આવકાર્ય દાનની સ્કીમો નીચે મુજબ છે.

૧. રેડીયોલોજી વિભાગના નામકરણ માટે - રૂા. ૧ કરોડ
૨. એવીવેટર્સ, જનરેટર્સ, ઈન્વટર્સ તથા ઈલેકટ્રીકલ પમ્પીંગ માટે રૂા. ૧ કરોડ
૩. સોફ્ટવેર પ્રોગ્રામ, સી.સી.ટી.વી, ટેલીકોમ અને વાઈફાઈ, કોમ્પ્યટર્સ ટી.વી. સેટ વિગેર માટે રૂા. ૫૦ લાખ
૪. લેપ્રોસ્કોપી વિભાગના નામકરણ માટે રૂા. ૨૫ લાખ
૫. કોન્ફરન્સ હોલ (૫૦૦ સ્કેવરફુટ) ના નામકરણ માટે :- રૂા. ૨૫ લાખ
૬. મેમોગ્રાફી વિભાગના નામકરણ માટે :- રૂા. ૨૫ લાખ
૭. એડમીનીસ્ટ્રેટીવ બ્લોકના નામકરણ માટે :- રૂા. ૨૫ લાખ
૮. ત્રણ ડાકટર્સ કન્સલ્ટીંગ રૂમના નામકરણ માટે :- રૂા. ૧૫ લાખ

૯. વોર્ડ માટે ૬૦ હાઈડ્રોલીક બેટ માટે (૧ નંગના રૂા. ૫૦,૦૦૦) :- રૂા. ૩૦ લાખ

૧૦. ૩૮ બેન્ચીસ માટે (૧ નંગના રૂા. ૨૧,૦૦૦/-) :- રૂા. ૭૯૮૦૦૦/-

ઉપરોક્ત વિભાગ માટે દાતાશ્રીઓ આવકાર્ય છે. માનવતાના આ માયાળુ કૃત્યમાં ઉદાર હાથે ફાળો આપી સહભાગી થવા વિનંતી છે.

## કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન :-

૧. કમળાબેન કાંતિલાલ કડકીઆ (હાલોલવાળા) હસ્તે : શ્રી અરવિંદભાઈ કાંતિલાલ કડકીઆ (કેન્ટીનના નામકરણ માટે) :- રૂા. ૧૧,૧૧,૧૧૧/-

૨. સ્વ. મધુબેન નટવરલાલ કડકીઆ હસ્તે : શ્રી રાજેશભાઈ નટવરલાલ કડકીઆ (અમેરીકા) (એક ડૉક્ટર કેબનના નામકરણ માટે તથા ચાર નંગ હાઈડ્રોલીક બેડ માટે) :- રૂા. ૭૦૦૦૦૦/-

૩. સુરજબા ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ હસ્તે : શ્રી મોહનભાઈ આઈ. પટેલ (એક ડૉક્ટર કેબીનના નામકરણ માટે) :- રૂા. ૫૦,૦૦૦૦/-

૪. સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કોલકત્તાવાળા) હસ્તે : શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ (એક આઈ.સી.યુ. બેડ માટે) :- રૂા. ૧ લાખ

૫. નિરંજનભાઈ ચીમનલાલ મોદી હસ્તે : શ્રી નવીનચંદ્ર ચીમનલાલ મોદી (એક આઈ.સી.યુ. બેડ માટે) :- રૂા. ૧ લાખ

૬. મંજુલાબેન કિર્તનલાલ પરીખ હસ્તે : શ્રી પિયુષ કિર્તનલાલ પરીખ (બે હાઈડ્રોલીક બેડ માટે) :- રૂા. ૧ લાખ

૭. કમળાબેન પુનમચંદ દોશી હસ્તે : અમિતા પરીખ (બે હાઈડ્રોલીક બેડ માટે) :- રૂા. ૧ લાખ

૮. પુષ્પાબેન રસિકલાલ કડકીઆ હસ્તે : શ્રી કાર્તિકભાઈ રસિકલાલ કડકીઆ (બે હાઈડ્રોલીક બેડ માટે) :- રૂા. ૧ લાખ

૯. એક અનામી દાતા :- રૂા. ૧ લાખ

૧૦. પુષ્પાબેન તથા પ્રવિણચંદ્ર ગોકળદાસ ગાંધીની સ્મૃતિમાં હસ્તે : અમિતાબેન સચીન ગાંધી (એક હાઈડ્રોલીક બેડ માટે) :- રૂા. ૫૦,૦૦૦/-

૧૧. સુશીલાબેન નટવરલાલ પરીખ (વોરા) હસ્તે : શ્રી ગૌરાંગ નટવરલાલ પરીખ (વોરા) (એક હાઈડ્રોલીક બેડ માટે) :- રૂા. ૫૦,૦૦૦/-

૧૨. નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા) હસ્તે : શ્રી ગૌરાંગ નટવરલાલ પરીખ (વોરા) (એક હાઈડ્રોલીક બેડ માટે) :- રૂા. ૫૦,૦૦૦/-

૧૩. રસિકલાલ ચીમનલાલ પરીખ (દુધવાળા) હસ્તે : શ્રી અરવિંદભાઈ, શ્રી પરેશભાઈ તથા શ્રી નિલેષભાઈ (એક હાઈડ્રોલીક બેડ માટે) :- રૂા. ૫૦,૦૦૦/-

૧૪. ગોકળદાસ ચીમનલાલ પરીખ (દુધવાળા) હસ્તે : શ્રી અરવિંદભાઈ, શ્રી પરેશભાઈ તથા શ્રી નિલેષભાઈ (એક હાઈડ્રોલીક બેડ માટે) :- રૂા. ૫૦,૦૦૦/-

૧૫. જયશ્રી વ્રજેશ દેસાઈ (એક હાઈડ્રોલીક બેડ માટે) :- રૂા. ૫૦,૦૦૦૮/-

૧૬. નટવરલાલ સાંકરલાલ દેસાઈ (હસ્તે : તેમના સુપુત્રો સતિષ, શરદ, સ્મિતા, સુચિતા) (એક હાઈડ્રોલિક બેડ માટે) :- રૂા. ૫૦,૦૦૦/-

૧૭. સેમીલાબેન શરદકુમાર નટવરલાલ દેસાઈ હસ્તે : તેમના સુપુત્રો સમીક, નિયોમી, શીવાની, આનંદ (એક હાઈડ્રોલીક બેડ માટે) :- રૂા. ૫૦,૦૦૦/-

૧૮. સુભદ્રાબેન મણીલાલ કડકીઆ હસ્તે : શ્રી સચીન મણીલાલ કડકીઆ (સ્ટીલ બેન્ચ માટે):- રૂા. ૨૧,૦૦૦/-

૧૯. તારાબેન નટવરલાલ દેસાઈ હસ્તે : શ્રી સતિષ, શરદ, સ્મિતા અને સુચિતા (સ્ટીલ બેન્ચ માટે):- રૂા. ૨૧,૦૦૦/-

૨૦. સ્વ. નટવરલાલ ચુનીલાલ મોદી (જનસાથી) હસ્તે : શ્રી શરદ નટવરલાલ દેસાઈ (સ્ટીલ બેન્ચ માટે) રૂા. ૨૧,૦૦૦/-

૨૧. કુમુદીની સતિષભાઈ કાજી હસ્તે : શ્રી ચેતનભાઈ રમણીકલાલ ધારીઆ (સ્ટીલ બેન્ચ માટે) રૂા. ૨૫,૦૦૦/-

૨૨. રમતીબેન ચંદુલાલ પરીખ (સરકાર) (સ્ટીલ બેન્ચ માટે) :- રૂા. ૨૧,૦૦૦/-

૨૩. નિમિષા સમીર ધારીઆ (સ્ટીલ બેન્ચ માટે) :- રૂા. ૨૧,૦૦૦/-

૨૪. શીલાબેન રમેશચંદ્ર ધારીઆ (હેડમાસ્તર) હસ્તે : અનીષ (સ્ટીલ બેન્ચ માટે) :- રૂા. ૨૧,૦૦૦/-

૨૫. મેઘા પ્રિતેશ દેસાઈ હસ્તે : શ્રી વ્રજેશ નવનીતલાલ દેસાઈ (સ્ટીલ બેન્ચ માટે) :- રૂા. ૨૧,૦૦૦/-

૨૬. નેહા તન્મય દેસાઈ હસ્તે : શ્રી વ્રજેશ નવનીતલાલ દેસાઈ (સ્ટીલ બેન્ચ માટે) :- રૂા. ૨૧,૦૦૦/-

૨૭. દીપકભાઈ ભીખાલાલ પરીખ (અઘોળી) (એક ઓપરેશન મીતી) :- રૂા. ૭,૫૦૦/-

**શ્રી નિતીન પરીખ, શ્રી પરેશ પરીખ - માનદ્ મંત્રીશ્રીઓ**

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ તથા બાલાસિનોર વિદ્યોતેજક ચેરિટેબલ ટ્રસ્ટ

મંડળ દ્વારા રજુ કરાયેલ વિવિધ નવી શૈક્ષણિક યોજનાઓને સમાજના દરિયાદિલ દાતા તરફથી નક્કર પ્રતિસાદ સાંપડ્યો છે.

મંડળની એક એવી યોજનાને દાતાનો સહૃદયથી સહકાર મળ્યો છે.

**૧.શ્રી શાંતિલાલ મગનલાલ શાહ તથા શ્રીમતી તારાબેન શાંતિલાલ શાહ (ગુંથરીવાલા)**ની સ્મૃતિમાં હસ્તે : શ્રી સુરેન્દ્રભાઈ, શ્રી વિજયભાઈ, શ્રી મયૂરભાઈ, શ્રી શૈલેષભાઈ, શ્રી પરેશભાઈ, શ્રી મુકેશભાઈ, પારુલબેન તથા શિલ્પાબેન.

Education Scheme for cost and Work Accountants (ICWA) Course Rs. 5,00,000/-

મંડળ સન્માનીય દાતાઓ અને તેમના પરિવારજનો પ્રત્યે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

કારોબારી સમિતિ વતિ - **જસ્મિન બી. શેઠ તથા ધર્મેશ જ. શાહ - માનદ્ મંત્રીઓ**

# કડવા લીમડાના મીઠા ગુણ

- ચૈત્ર મહિનામાં લીમડાના રસનું સેવન કરવાથી આખું વર્ષ નિરોગી રહેવાય છે.
- લીમડાના પાનના રસમાં મરી તથા સિંધવ યોગ્ય પ્રમાણમાં મેળવી ૧૫ દિવસ સુધી પીવામાં આવે તો આખા ઉનાળાનો સંતાપ સતાવતો નથી. એનાથી સૂવારોગ પણ થતો નથી.
- ચામડીના રોગોમાં લીમડાનાં પાન પાણીમાં ઉકાળી નાહવાથી લાભ થાય છે.
- લીમડાના રસમાં જૂની આમલી મેળવી પીવાથી કૉલેરા મટે છે.
- લીમડાનાં કૂણાં પાનની ચટણી મીઠું નાખી ખાવાથી તાવ ઉતરે છે.
- ગમે તેનો ન રૂઝાતો ઘા કે પાક લીમડાના પાનની લુગદી મૂકવાથી રૂઝાઈ જાય છે.
- લીમડાની આંતરછાલનો ઉકાળો તાવ મટાડે છે.
- ચામડીના તમામ પ્રકારના રોગો લીમડાના પાનના રસ કે તેની છાલના ઉકાળાથી મટે છે.
- સફેદ કોઢ જેવા જટીલ રોગો પણ લીમડાનું લાંબો સમય સેવન કરવાથી મટે છે.
- નિયમિત લીમડાનું દાતણ કરવાથી દાંતનો સડો, પેઢાનો સોજો, દુઃખાવો, પેઢાનું પરું, મોઢાની દુર્ગંધ, દાંત અને પેઢાના બીજા રોગ મટે છે. મહુડો, કરંજ અને ખેરનું દાતણ પણ કરી શકાય.
- કફ, ઉદરસ, પેટમાં ગરબડ, એસિડિટી, પિત્તવિકાર અને ત્વચાનિખારમાં લીમડાનો રસ અકસીર ઔષધ છે. લીમડાનાં તાજાં કુમળાં પાન વાટી પાણી સાથે ગળી લેવાં. લીમડાનો આ શુધ્ધ રસ આરોગ્ય માટે ખૂબ જ લાભદાયક છે. રોગ અનુસાર યોગ્ય માત્રામાં લેવાથી અવશ્ય ફાયદો થાય છે.

## શ્રી વાડાસિનોર નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ
## શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ
## અનુકરણીય દાન

**સખાવતી દાતાશ્રી તરફથી પ્રાપ્ત થયેલ દાનની નામાવલી:**

**શ્રીમતી સુશીલાબેન ભીખાલાલ કડકિયા (વલ્લભધેલા) હસ્તક : શ્રીમતી નિશા હર્ષદ કડકિયા રૂા. ૧,૨૫,૦૦૦/-**

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારનો આભાર વ્યક્ત કરે છે અને
તેમને સુખ શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

**કારોબારી સમિતિ વતી**
**માનદ્ મંત્રીઓ - શ્રી નિમિષ કડકીયા, શ્રી મંજુલ ધારીયા**

## 'જ્યોતિ પુંજ' (માસિક)

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ અન્વયે
'જ્યોતિ પુંજ' પત્રિકા અંગેની માહિતી
ફોર્મ નં. ૪ (જુઓ રૂલ નં.-૮)

| | | |
|---|---|---|
| ૧) | **પ્રકાશનનું સ્થળ** | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |
| ૨) | **પ્રકાશનની સામયિકતા** | : માસિક |
| ૩) | **મુદ્રક અને પ્રકાશકનું નામ** | : બંકિમ રજનીકાન્ત પરીખ |
| | **રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| ૪) | **તંત્રીનું નામ** | : બંકિમ રજનીકાન્ત પરીખ |
| ૬) | **જે વ્યક્તિઓ આ અખબારના માલિક હોય કુલ થાપણના એક ટકાથી વધારે થાપણના નામ અને સરનામાં** | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |

હું, બંકિમ રજનીકાન્ત પરીખ આથી જાહેર કરૂ છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ અને માન્યતા મુજબ તદ્દન સાચી છે.

**મુંબઈ** **(સહી)** : બંકિમ રજનીકાન્ત પરીખ
**તા.૨૧.૩.૨૦૧૮** **પ્રકાશક** : ''જ્યોતિ પુંજ''

## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

**૧. અંકુર શૈલેષભાઈ દેસાઈ (ભારત કોર્પોરેશન)**
શિરિન એપાર્ટમેન્ટ, ૭મે માળે, ફ્લેટ નંબર. - ૭૦
તાડદેવ, ગંગા જમના થીયેટરની સામે, મુંબઈ-૭
અંકુર શૈલેષભાઈ દેસાઈ - ૯૮૧૯૩૭૮૫૭૭
ભુમીકા અંકુર દેસાઈ- ૯૮૨૦૪૮૦૬૮૮

**૨. Mukeshbhai Natvarlal Zaveri**
B/702, Indraprasth Kadamb,
Opp. Pinnacle Business Park,
Nr. Safal Parivesh, Corporate Road,
Prahladnagar, Ahmedabad - 380015 (Guj.)
Mukeshbhai - 9428608863 (R) 079-48903535
Dhaval - 9327004317
Amishaben - 93760243172

3. New showroom
**Matchwell Electric Co.**
Shop No.-8, 195-Pricess Street
Mulji Jetha C.H.Ltd.
Marine Lines (East), Mumbai - 400 002
Sanjiv Dharia - 9820131333
Kirit Dharai - 9820088069

### મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| ❖ ગોકલદાસ ચિમનલાલ પરીખ (દુધવાળા) | ૮૪ |
| ❖ રજનીકાંત ચીમનલાલ મોદી | ૮૧ |
| ❖ સુશીલાબેન રજનીકાંત દોશી | ૮૧ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**